Research Paper

Volume : 4 | Issue : 10 | October 2015 • ISSN No 2277 - 8179

# ધોરણ–૧ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામા શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા

Education

KEYWORDS : શબ્દભંડોળ, કાર્યક્રમ, અસરકારકતા

**Dr. Sudhirkumar Haribhai Tandel** આસીસ્ટન્ટ પ્રોફેસર,ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

**Dr. Pinalben D. Gordia** સિનિયર લેકચરર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

## ABSTRACT

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ધો–૧ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા માપવાનો હતો. પ્રાથમિક કક્ષાએ શબ્દભંડોળનો વિકાસ બાળકોમાં થાય તે આવશ્યક છે. માટે અભ્યાસકોએ ધોરણ–૧ના બાળકોમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની વિદ્યાર્થીઓના શબ્દભંડોળ વિકાસ પર અને ધારણ પર અસર જોવા મળે છે કે નહીં તે ચકાસવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલ હતો. આ માટે ધોરણ–૧ના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની રચના કરવામાં આવી હતી અને તેનું માપન કરવા માટે શબ્દભંડોળ માપન કસોટીની રચના કરવામાં આવી હતી. તૈયાર કરેલ શબ્દભંડોળ કાર્યક્રમને સિધ્ધપુર તાલુકાની સમોડા પ્રાથમિક શાળાના ધોરણ–૧ના ૩૦ વિદ્યાર્થીઓ પર અમલીકરણ કરવામાં આવ્યો હતો જયારે નિયંત્રિત જૂથના ધોરણ–૧ના ૩૦ વિદ્યાર્થીઓ પર શબ્દભંડોળ કાર્યક્રમ અમલીકરણ કરવામાં આવ્યો ન હતો. ત્યારબાદ શબ્દભંડોળ માપન કસોટી દ્વારા બંને જૂથના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ વિકાસ અને ધારણ પર કાર્યક્રમની અસરકારકતા ચકાસવામાં આવી હતી. આમ, પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરીને માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. માહિતીનું પૃથ્થકરણ *t* - કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ–૧ના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ વિકાસ અને ધારણના સંદર્ભમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો. આમ, ધોરણ–૧ના બાળકોના શબ્દભંડોળનો વિકાસ કરવા માટે શબ્દભંડોળ કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ.

ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટે શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ ની અસરકારકતા

### ૧.૦ પ્રસ્તાવના

ભાષા એ જીવન વ્યવહારનું અનિવાય સાધન છે. ભાવો, લાગણીઓ અને વિચારોના વિનિમયનુ એકમાત્ર માધ્યમ ભાષા છે. જીવનમાં ભાષાનું મહત્વ હોવાથી સાથોસાથ શબ્દભંડોળનુ પણ ઘણ મહત્વ રહેલુ છે. પ્રાથમિક કક્ષાએથી બાળ કોમાં શબ્દભંડોળનો યોગ્ય રીતે વિકાસ થાય તો તે ભાષા અભિવ્યકિત માટેના ચાર મહત્વના કૌશલ્યો, શ્રવણ, કથન, વાંચન અને લેખન પર પ્રભુત્વ મેળવી શકે છે. આથી પ્રાથમિક કક્ષાએ શબ્દભંડોળનો વિકાસ બાળકોમાં થાય તે આવશ્યક છે. આજ કારણોસર પ્રાથમિક કક્ષામાં ધોરણ–૧ના બાળકોમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની વિદ્યાર્થીઓના શબ્દભંડોળ વિકાસ પર અને ધારણ પર અસર જોવા મળે છે કે કેમ? તે અંગે સંશોધન હાથ ધયુ હતું.

### ૨.૦ શીર્ષક

"ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટે ગુજરાતી ભાષામાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા"

### ૩.૦ હેતુઓ

૧. ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટે શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના કરવી.

૨. ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટે શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતાની ચકાસણી કરવા માટે શબ્દભંડોળ માપન કસોટીની સંરચના કરવી.

૩. ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટેના શબ્દભંડોળ વિકાસના સંદભ માં અને ધારણના સંદભ માં કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

### ૪.૦ અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

| | | |
|---|---|---|
| ૧. | સ્વતંત્ર ચલ | કક્ષા–૧ શબ્દભંડોળ વિકાસ કાય ક્રમ અમલ |
| | | કક્ષા–૨ શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ નો અમલ નહીં |
| ૨. | પરતંત્ર ચલ | શબ્દભંડોળ વિકાસની સિધ્ધિ |
| | | શબ્દભંડોળ વિકાસનું ધારણ |
| ૩. | અંકુશિત ચલ | ધોરણ–૧ વસ્તાર–ગ્રામ્ય |

૪. આંતરવતી ચલૌટુંબિક વાતાવરણની અસર શાળાનું વાતાવરણ માતા–પિતાના શિક્ષણની અસર વ્યકિતગત તફાવતો

### ૫.૦ અભ્યાસની કલપનાઓ

જડક્ષશબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને અધ્યાપન ન પામેલા ધોરણ–૧ના વિદ્યાર્થી ઓની શબ્દભંડોળ માપન કસોટી પરના સિધ્ધિ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાથ ક તફાવત નહીં હોય.

જડ×શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને અધ્યાપન ન પામેલા ધોરણ–૧ના વિદ્યાર્થી ઓની શબ્દભંડોળ ધારણ કસોટી પરના ધારણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાથ ક તફાવત નહીં હોય.

### ૬. પદોની વ્યવહારિક વ્યાખ્યાઓ

#### ૬.૧.શબ્દભંડોળ

નાના બાળકોને જીવનમાં ઉપયોગી થતા અને તેના જ્ઞાનમાં વધારો કરતા અનેક શબ્દોના જૂથને શબ્દભંડોળ કહેવાય છે.

#### ૬.૨ શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ

બાળક પોતાના રોજિંદા જીવન વ્યવહારમાં વપરાતા વિવિધ શબ્દોનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે તે માટે મૂળાક્ષર, શોધ, અક્ષરકાંડ, વાતા, શબ્દ, ગોઠવણી, શબ્દપૂતિ વગેરે વિવિધ પ્રવ ત્તિઓને કારણે બાળકોના શબ્દભંડોળનો વિકાસ કરી શકાય તેવા કાર્યક્રમને પ્રસ્તુત સંશોધનમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ તરીકે સ્વીકારેલ છે.

#### ૬.૩શબ્દભંડોળ માપન કસોટી :

બાળકના શબ્દભંડોળમાં વધારો થયો છે કે નહીં તેની જાણ માટે જોડકાં, ચિત્રો–ઓળખો, શબ્દપૂતિ, મૂળાક્ષરો સ્પષ્ટ અને ચોક્કસ જેવા હેતુલક્ષી પ્રશ્નોની ૨૦ ગુણની એક શબ્દભંડોળ માપન કસોટીની રચના કરવામાં આવી હતી. જેને પ્રસ્તુત સં શોધનમાં શબ્દભંડોળ માપન કસોટી તરીકે સ્વીકારેલ છે. જેની સમયમયા દા ૩૦ મિનિટની હતી.

### ૭.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાની પ્રાથમિક શાળાના વષ ૨૦૧૪–૧૫ દરમિયાન ધોરણ–૧માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થી ઓનો સમાવેશ કરેલ છે.

### ૮.૦ નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં શાળા પસંદગી આકસ્મિક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી હતી તથા પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની પસંદગી પણ આકસ્મિક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં સિધ્ધપુર તાલુકાની ૮૭ પ્રાથમિક શાળાઓમાંથી સમોડા પ્રાથમિક શાળાની પસંદગી આકસ્મિક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી હતી. સમોડા પ્રાથમિક શાળાના ધોરણ–૧ના બે વગો હતા. જેમાંથી આકસ્મિક નમૂના પસંદગી દ્વારા ૩૦ વિદ્યાર્થી ઓને પ્રાયોગિક જૂથ તરીકે અને ૩૦ વિદ્યાર્થી ઓને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

### ૯.૦ સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં નિયંત્રિત પરિસ્થિતિ હેઠળ ચોકસાઈપૂવક તૈયાર કરાયેલ કાર્યક્રમની નમૂના પર માવજત લગાડવામાં આવી હતી અને માવજત લગાડયા પછી બંને જૂથોની શૈક્ષણિક સિધ્ધિની અને ધારણની તુલના કરવાની હોવાથી પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સં શોધન પધ્ધતિથી હાથ ધરવામાં આવેલ હતું.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાયોગિક સંશોધનની વિવિધ યોજનાઓ પૈકી પૂણ પ્રાયોગિક યોજના પૈકી આકસ્મિક બે જૂથો માત્ર ઉત્તરકસોટી યોજના પસંદ કરવામાં આવી હતી.

### ૧૦. શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના

પ્રસ્તુત સંશોધનમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટે ગુજરાતી વિષયના વિષયવસ્તુ અંતગ ત રાખવામાં આવ્યો હતો. આ માટે ઉચિત તથા અસરકારક પ્રવ ત્તિઓનું અને શબ્દોનું એકત્રીકરણ કરીને કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો રચેલ કાર્યક્રમની નિષ્ણાતો પાસે ચકાસણી કરીને તથા ધોરણ–૧ના બાળકો પર પૂવ –પ્રાથમિક અજમાયશ કરીને કાર્યક્રમના અંતિમ સ્વરૂપની રચના કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબની પ્રવ ત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૧. મૂળાક્ષર જોડ રમત
૨. એકથી અનેક શબ્દની રમત
૩. આડા–અવળા મૂળાક્ષરોને યોગ્ય સ્થાને ગોઠવવા
૪. શબ્દપૂર્તિ
૫. ચિત્ર–આલેખ
૬. સમાન શબ્દ જોડ
૭. બાળવાતા

શબ્દભંડોળ કાર્યક્રમની રચના કયા બાદ કાર્યક્રમના અમલ માટેની માર્ગદશિકાની રચના કરવામાં આવી હતી.

૧૧. ઉપકરણની સંરચના
પ્રસ્તુત સંશોધનમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતાની શૈક્ષણિક સિધ્ધિ ચકાસવાના સંદભ માં સ્વરચિત શબ્દભંડોળ વિકાસ માપન કસોટીની રચના કરવામાં આવી હતી. જેમાં સરખા શબ્દોની જોડી, ચિત્ર ઓળખો, મૂળાક્ષર ગોઠવો, શબ્દપૂતિ વગેરે જેવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૦ પ્રશ્નો હતા દરેક પ્રશ્નનો ૧ ગુણ રાખવામાં આવેલ હતો. આમ કુલ ૨૦ ગુણની કસોટી રચવામાં આવી હતી.

૧૨. માહિતીનું એકત્રીકરણ
પ્રસ્તુત સંશોધનમાં સમોડા પ્રાથમિક શાળા, સિધ્ધપુરમાં ધોરણ–૧ના પ્રાયોગિક જૂથના બાળકો પર કાર્યક્રમની અજમાયશ કરવામાં આવી હતી. જયારે નિયંત્રિત જૂથના બાળકો પર કોઈ જ કાર્યક્રમની અજમાયશ કરવામાં આવી ન હતી. પ્રાયોગિક જૂથ પર ૭ દિવસ સુધી ૩૫ મિનિટનો એક તાસ એવા કુલ ૭ તાસ લેવામાં આવ્યા હતા. ૭ તાસ દરમિયાન રચેલ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો હતો જયારે નિયંત્રિત જૂથ પર કોઈ જ માવજત લાગુ પાડવામાં આવી ન હતી. ત્યારબાદ બંને જૂથોના પાત્રોને ઉત્તરકસોટી પરના પ્રાપ્તાંકો મેળવીને પાત્રોની શૈક્ષણિક સિધ્ધિ તપાસવામાં આવી હતી તેમજ ૧૫ દિવસ પછી તે જ પાત્રોને પુનઃ ઉત્તરકસોટી આપીને ધારણ પરના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા.

૧૩. માહિતીનું પૃથ્થકરણ
પ્રસ્તુત અભ્યાસમાં મેળવેલ માહિતીનું t કસોટી દ્વારા ૫ થ્થકરણ કરવામાં આવ્યું હતું.

| કસોટી પ્રકાર | જૂથ | સંખ્યા | મધ્યક | પ્ર.વિ. | વિચરણ પ્રમાણભૂલ | ટી–મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| સિધ્ધિ કસોટી | પ્રાયોગિક જૂથ | ૩૦ | ૧૬.૧૭ | ૨.૬૦ | ૦.૭૯ | ૪.૨૨ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| | નિયંત્રિત જૂથ | ૩૦ | ૧૨.૮૩ | ૩.૪૦ | | | |
| ધારણ કસોટી | પ્રાયોગિક જૂથ | ૩૦ | ૧૫.૮૩ | ૨.૧૧ | ૦.૫૨ | ૫.૭૦ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| | નિયંત્રિત જૂથ | ૩૦ | ૧૨.૮૩ | ૧.૯૭ | | | |

૧૪. તારણો
૧. ધોરણ–૧ના વિદ્યાર્થી ઓની શબ્દભંડોળના સંદભ માં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થી ઓ પર નિયંત્રિત જૂથના વિદ્યાર્થી ઓ કરતાં વધુ જોવા મળી હતી.

૨. ધોરણ–૧ના વિદ્યાર્થી ઓની શબ્દભંડોળના ધારણના સંદભ માં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થી ઓ પર નિયંત્રિત જૂથના વિદ્યાર્થી ઓ કરતાં વધુ જોવા મળી હતી.

૧૪. ફલિતાથ
૧. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ઓમાં શબ્દભંડોળ વિકાસ કરવા માટે શિક્ષકે શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ.

૨. ધોરણ–૧ના વિદ્યાર્થી ઓ માટે કાડ શીટ, માક ર પેન, થમો કોલ જેવી ભૌતિક સગવડો સંચાલક મંડળે શાળામાં પૂરી પાડવી જોઈએ જેથી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ હાથ ધરી શકાય.

૩. શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ કરાવવાથી વિદ્યાર્થી ઓમાં શબ્દભંડોળ વિકાસ કરી શકાય છે માટે ગુજરાત પાઠયપુસ્તક મંડળે પણ અભ્યાસક્રમમાં શબ્દભંડોળ વિકાસ કરવા માટે શબ્દપૂતિ , ચિત્ર–ઓળખની જોડ, મૂળાક્ષર ગોઠવવા વગેરે જેવા કાર્યક્રમનો અભ્યાસક્રમમાં સમાવવા જોઈએ.

## REFERENCE

દેસાઈ, કે.જી. અને દેસાઈ એચ.જી. (૧૯૮૫). સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ. (તૃતીય આ.) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ. દોંગા, નનુભાઈ એસ. (૨૦૦૭). શિક્ષણનું મનોવિજ્ઞાન. રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર મુન્શી, આઈ. કે. (૧૯૯૮) આંગણવાડી અને બાલમંદિરના બાળકોના શબ્દ–ભંડોળનો અભ્યાસ. એમ.એડ્, લઘુશોધ નિબંધ સારાંશ, અમદાવાદ : ગુજરાત યુનિ. પટેલ, કરશનભાઈ પી. (૧૯૮૪). ધોરણ–૪ના બાળકોનું ગુજરાતી ભાષાનું પાયાનું શબ્દભંડોળ. સંશોધનોની માધુકરી, ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી. પટેલ, એમ. અને અન્યો. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન, માપન અને મૂલ્યાંકન અને આંકડાશાસ્ત્ર. અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન. ઉચાટ, ડી.એ. (૨૦૦૯) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનોનું પધ્ધતિશાસ્ત્ર. રાજકોટ : ટાગોરનગર, અમીન માર્ગ પાસે.

Volume : 4 | Issue : 10 | October 2015 • ISSN No 2277 - 8179